ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# આજે મનપાની સામાન્ય સભા

## મહત્વના મુદ્દાઓ સંદર્ભે નિર્ણય લેવાશે : નોટીફાઇડ વેળાના ૧૭૩ કર્મચારીઓના પગાર પેન્શનનો પ્રશ્ન પણ ઉકેલાશે : ખાલી અને બંધ મિલ્કતના વેરા અંગે પણ નિર્ણય લેવાશે

ગાંધીનગર તા ૭

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળનારી સામાન્ય સભામાં મહત્વના નિર્ણયો લેવાશે. સામાન્ય સભા દરમિયાન સ્થાયી સમિતિ દ્વારા મંજુર થયેલી દરખાસ્તો તેમજ કોર્પોરેશન વિસ્તારમાં એન એ થયેલા પ્લોટ સંદર્ભે મિલ્કત વેરો વસુલવાના મામલે પણ નિર્ણય લેવાશે. આ ઉપરાંત નોટીફાઈડ વેળાના ૧૭૩ કર્મચારીઓ અધિકારીઓના પગાર અને પેન્શનના પ્રશ્નોનો પણ ઉકેલ આવે તે માટે કાર્યવાહી હાથ ધરાશે.

ગાંધીનગર કોર્પોરેશનની આજે બપોર સામાન્ય સભા મળશે જયારે સામાન્ય સભા દરમિયાન અનેક મહત્વના મુદ્દાઓ સંદર્ભે નિર્ણયો લેવાશે. મુખ્યત્વે સ્થાયી સમિતિ દ્વારા છેલ્લા કેટલાક સમયમાં મંજુરી અપાયેલી દરખાસ્તો સંદર્ભે પણ નિર્ણય લેવાશે. જયારે મિલ્કતવેરા અન્વયે પણ નવી જંત્રી મુજબ વેરો વસુલવા અંગે પણ નિર્ણય કરાશે. જયારે ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યુ તે પુર્વે નોટીફાઈડ એરિયા કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓના પ્રશ્નો ઉકેલવાની દીશામાં પણ કાર્યવાહી કરાશે જેમાં ૧૭૩ જેટલા અધિકારી કર્મચારીઓના પગાર તેમજ પેન્શનના પ્રશ્નોનુ નિરાકરણ આવે તે માટે પણ આયોજન કરાશે. જયારે ગાંધીનગર કોર્પોરેશન વિસ્તારમાં હાલ કોર્મશિયલ તેમજ રહેણાંકની મિલ્કતોના વેરાની વસુલાત કરવામાં આવી રહી છે. તેમ સ્થાયી સમિતિ કક્ષાએથી એન એ કરવામાં આવેલા પ્લોટને અનુલક્ષીને પણ વેરો વસુલવાની દરખાસ્તને મંજુરી આપવામાં આવી છે.

જયારે આ દરખાસ્તોને પણ સામાન્ય સભામાં રજુ કરવામાં આવી છે. આ ઉપરાંત કોર્પોરેશનની આઈ સી ડી એસ શાખાનુ મહેકમ પણ મંજુર કરવામાં આવશે. જયારે બાગાયત વિભાગમાં પણ મહેકમ સંબંધિત સુધારો કરવાની દરખાસ્ત પણ રજુ કરવામાં આવી છે.

આ તબક્કે વિપક્ષ કક્ષાએથી પણ રજુ થનારા મુદ્દાઓ મહત્વના બની રહેશે. જયારે વિસ્તારમાં ખાલી તેમજ બંધ મિલ્કતો સંદર્ભે પણ વેરા વસુલી અંગે શુ કરવુ તેવી મહત્વની બાબતો અંગે પણ સામાન્ય સભાની બેઠકમાં નિર્ણય લેવામાં આવશે.



ઉનાળુ વેકેશન પૂર્ણ થયુ છે. બાળકો શાળાએ જતાં થયા છે. જો કે વેકેશન દરમ્યાન ક્રિકેટ જેવી રમતોની મજા માણી હોય ત્યારે શાળાઓ ખુલવી એ બાળકને ગમતુ નથી. બાળકો તો તેમની મસ્તીમાં જ ગુલતાન રહે છે. ક્રિકેટ, ગીલ્લીદંડો અને અન્ય રમતો તડકો હોય તો પણ બાળકો રમવાનુ ચૂકતા નથી. રાષ્ટ્રીય રમત જેવી બની ગયેલી ક્રિકેટની રમત બધા જ બાળકોને પ્રિય છે. સાધન સંપન્ન બાળકો મોંઘી ક્રિકેટ કીટથી રમત રમે છે તો ગરીબ બાળકો તેમની પાસે હોય તે સાધનો વડે ક્રિકેટની રમતને આસાન બનાવી મજા લે છે.

# રાયસણ-સરગાસણમાં દબાણના મામલે સાત બિલ્ડરોને નોટીસ

## દબાણો વધતા ગુડા ના નોલેજ હબ ની યોજનામાં પણ અવરોધ દબાણ દુર કરવામાં નહી આવે તો નિયમાનુસાર કાર્યવાહી કરાશે

ગાંધીનગર તા ૭

રાયસણ અને સરગાસણ વિસ્તારમાં સર્વિસ રોડ સહિતના વિવિધ માર્ગો આસપાસ જુદા જુદા પ્રકારના દબાણો ઉભા કરવાના મામલે ગુડાનું તંત્ર હરકતમાં આવ્યું છે જ્યારે આ દબાણો દુર કરવા બિલ્ડર્સ ડેવલપર્સને નોટિસ આપવામાં આવી છે. જેમાં ૧૮, ૨૪ અને ૮૦ મીટર પહોળા રોડ વિસ્તારમાં દબાણ કરવામાં આવ્યા છે જયારે શહેરી વિકાસ સતામંડળ દ્વારા દબાણના લીધે રસ્તાને થયેલા નુકશાન મામલે પણ સમારકામ કરાવી દેવા જણાવાયુ છે

ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૯ અને ૧૯ અગાઉ ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા તૈયાર કરવામાં આવી હતી. જ્યારે હદ વિસ્તરણ ના અંતે મહાનગરપાલિકામાં સમાવિષ્ટ છે આ બન્ને નગર રચના વિસ્તારમાં સમાવિષ્ટ રાયસણ અને સરગાસણમાં મોટી સંખ્યામાં બાંધકામની ખાનગી સાઈટ્સ ધમધમી રહી છે. જ્યારે આ વિસ્તારમાં જુદા જુદા બિલ્ડર અને ડેવલપરની કંપનીઓએ તેમની સાઈટની આસપાસમાં રસ્તા તેમજ ગુડાની જમીન પર દબાણ કર્યા હોવાની ફરીયાદો પણ લાંબા સમયથી કકળાટ નું કારણ બની છે.

આ મામલે મૌખિક અને રૂબરૂમાં દબાણો દૂર કરવાની સુચના કરવા અનેક વાર ગુડા દ્વારા નોટિસ આપવામાં આવી છે જ્યારે સ્વખર્ચે દબાણ દુર કરવામાં નહીં આવે તો નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે તેવી પણ સૂચના આપવામાં આવી છે

રાયસણમાં પીડીઈયુ રોડ પર શિવાલય એસ્ટેરિયા દ્વારા સર્વિસ રોડ અને મેઈન રોડ તથા સર્વિસ રોડ વચ્ચે દબાણ કરાયું છે. જેમને નોટીસ પણ આપવામાં આવી છે સરગાસણમાં શિવાંજલી ઈમ્પિરીયા દ્વારા ૨૪ મીટરના રોડ પર કોનક્રિટ પમ્પ, ભારે વાહનો અને ટ્રક રાખવા સાથે વધારાના પાણીનો નિકાલ કરાતાં રોડની સપાટીને નુકશાન થયું છે, રાયસણમાં સ્પેસ લીંક પાસે ૮૦ મીટરના રોડ પરના સર્વિસ રોડ પર દબાણ અસ્તિત્વમાં આવ્યું છે. સરગાસણમાં શિક્ષાપત્રી ગ્રુપ દ્વારા ૨૪ મીટરના રોડ પર ભોંયરાના ખોદાણની માટીનો જથ્થો રાખવામાં આવતા વરસાદી પાણીનો નિકાલ ના અભાવે સ્થળ પર પાણીનો ભરાવો થાય છે . રાયસણમાં નારાયણ વિલા દ્વારા ૧૮ મીટરના રોડ પરના ફાઈનલ પ્લોટ નંબર ૩૭૭માં સાઈટ ઓફિસ તથા પ્રિકાસ્ટ કમ્પાઉન્ડ વોલ બનાવીને દબાણ કરાતા ઉપરોક્ત પ્લોટમાં ગ્રીન પેચ વિકસાવવાની કામગીરીમાં અવરોધ ઊભો થયો છે આ પ્લોટમાં જ ગીતા રેસીડેન્સી દ્વારા પણ સાઈટ ઓફિસ અને પ્રિકાસ્ટ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ગેરહાજર રહેતા ૧૧ તલાટીનો એક દિવસનો પગાર કાપી નખાયો

## ૧૧ તલાટી ગેરહાજર રહેતા હોવાની વ્યાપક ફરિયાદ : ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં ડીડીઓની અધ્યક્ષતામાં બોલાવાયેલી બેઠકમાં ફરિયાદ સામે આવી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના ૧૧ તલાટી સામે ડીડીઓએ મોટી કાર્યવાહી કરતા એક દિવસનો પગાર કાપી નાખવામાં આવ્યો છે. ગાંધીનગરના માણસામાં એક બેઠક યોજવામાં આવી હતી. જેમાં ૧૧ તલાટીઓ ગેરહાજર રહેતા હોવાની વ્યાપક ફરિયાદ ઉઠતા કાર્યવાહી કરવામાં આવી હતી. આ ૧૧ તલાટીઓનો આજના દિવસનો પગાર કાપી નાખવામાં આવ્યો હતો.

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં ડીડીઓની અધ્યક્ષતામાં એક બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠક વિકાસલક્ષી કામગીરી માટે યોજવામાં આવી હતી. આ બેઠકમાં ૧૧ તલાટીઓ ગેરહાજર રહેતા હોવાની ફરિયાદ ઉઠી હતી. આ ફરિયાદના પગલે ગઈકાલે ડીડીઓએ તમામ તાલુકાના ટીડીઓઓને વિડીયો કોલ કરીને તલાટીઓની હાજરી જાણવાનો આદેશ કર્યો હતો.

આ દરમિયાન ૧૧ જેટલા તલાટી ફરજ સ્થળ પર હાજર જોવા મળ્યા ન હતા જેને લઈને કાર્યવાહી કરવામાં આવી હતી. આ તલાટીઓનો આજના દિવસનો પગાર કાપી નાખવામાં આવ્યો હતો.

રાજ્યના પાટનગર ગાંધીનગરના જિલ્લામાં જ તલાટીઓ હાજર ન રહેતાની ફરિયાદો વ્યાપક ઉઠી હતી. તલાટી હાજર ન રહેતા હોવાથી ગ્રામજનોને હાલાકી ભોગવવી પડતી હોય છે. તલાટીની ગેરહાજરીથી અનેક કામગીરી પર અસર પડતી હોય છે. દૂર દૂરથી આવતા અરજદારોને ધક્કા થતા હોય છે. આ દરમિયાન માણસા તાલુકા પંચાયતની ઓફિસમાં વિકાસલક્ષી કાર્ય માટેની એક બેઠક યોજવામાં આવી હતી આ બેઠકમાં માણસાના ધારાસભ્ય, જિલ્લા પંચાયત પ્રમુખ અને ડીડીઓસહિત અધિકારીઓ હાજર રહ્યા હતા.

### ગટર અને સ્ટોર્મ વોટર લાઇનના લીધે

# વાવોલમાં ખુંદાયેલા માર્ગોનુ રીસરફેસીંગ શરૂ કરાયુ

## વાવોલમાં અંદાજિત ૭ કીમીના માર્ગોને ચકાચક બનાવવા માટે રૂ ૪ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં પાણી ગટરની નવી લાઈનનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જેના લીધે હાલ સેકટરોના આંતરિક માર્ગોની દશા અત્યંત ખરાબ છે. શહેરમાં માર્ગ સુધારણાનુ કામ નવી લાઈન નાંખવાની કામગીરી પુર્ણ થયા બાદ જ હાથ ધરવામાં આવશે જયારે વાવોલમાં પણ ગટર અને સ્ટોર્મ વોટર લાઈનનુ કામ પુર્ણ થયા બાદ માર્ગોની હાલત અત્યંત ખરાબ છે જેને અનુલક્ષી ગુડા દ્વારા ટી પી ૧૩ વાવોલ વિસ્તારમાં ૭ કીમી માર્ગોના રીસરફેસીંગનુ કામ શરૂ કરી દેવાયુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૪ કરોડનો ખર્ચ કરાશે જયારે આગામી ચોમાસા પુર્વે માર્ગ સુધારણાનુ કામ પુર્ણ કરી દેવાશે.

ગાંધીનગરમાં પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે જેના લીધે હાલ શહેરના માર્ગો તેમજ વોક વે ની દશા ખરાબ છે. જયારે પાણી ગટરની લાઈન નાંખવાનુ કામ પુર્ણ થયા બાદ જ સેકટરોમાં આંતરિક માર્ગોની કામગીરી હાથ ધરાશે હાલ શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોની દશા અત્યંત ખરાબ છે. બીજીબાજુ ચોમાસુ પણ માથે છે. આ ઉપરાંત નગરના મુખ્ય માર્ગો વચાળે મેટ્રો રેલ પ્રોજેકટનુ કામ પણ ચાલી રહ્યુ છે. જેના લીધે હવે ખોદાણ થયેલા માર્ગોના રીસરફેસીંગનુ કામ પણ મેટ્રોની એજન્સી કક્ષાએથી કરવામાં આવશે. શહેર ઉપરાંત નવા ગાંધીનગરના ઘણાં વિસ્તારમાં પણ માર્ગની હાલત ખખડધજ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે ચોમાસા પુર્વે માર્ગોને યોગ્ય કરવા માટે કામગીરી પણ સોંપી દેવામાં આવી છે. ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં પણ વરસાદી દિવસોમાં માર્ગોના લીધે વાહનચાલકોએ પરેશાની ન વેઠવી પડે તે માટે આગોતરુ આયોજન કરવામાં આવ્યુ છે. વાવોલ વિસ્તારમાં પણ છેલ્લા ઘણાં સમયથી માર્ગો પર મોટા ખાડા ટેકરા જોવા મળે છે. વાવોલમાં ગટર લાઈન તેમજ વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ જેના લીધે

● અનુસંધાન પાન-૭ પર

# કલ્ચરલ ફોરમ દ્વારા ૯-૧૦-૧૧ જૂન દરમિયાન ગ્રીષ્મોત્સવનું આયોજન

## 'હાજી કાસમ તારી વીજળી' - નાટક, માયાભાઈ આહીરનો ડાયરો અને ભૂમિક શાહ દ્વારા એ. આર. રહેમાનના ગીતોની પ્રસ્તુતિ કરાશે : ગાંધીનગરની મધ્યમાં પથિકાશ્રમ નિલાયાની લોનમાં ભવ્ય આયોજન

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં સાંસ્કૃત્તિક અને સાહિત્યિક કાર્યક્રમોના આયોજનો દ્વારા આવનારી પેઢીમાં મૂલ્યનિષ્ઠ જીવનના સંસ્કાર સિંચન માટે પ્રતિબદ્ધ અને પ્રયત્નશીલ સંસ્થા ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા તારીખ ૯-૧૦-૧૧ જૂન, શુક્ર-શનિ અને રવિવારે ત્રિ-દિવસીય ગ્રીષ્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ ગ્રીષ્મોત્સવની વિગતો આપતાં કહ્યું હતું કે, સાહિત્યિક કૃતિ પર આધારિત પ્રયોગશીલ નૃત્ય નાટિકા, લોકજીવન સાહિત્યની વાતો અને સંગીતનો કાર્યક્રમ ખાસ કરીને યુવાનોને વિશેષ ગમશે.

ગ્રીષ્મોત્સવ દરમિયાન પ્રથમ દિવસે, તા. ૯મી જૂને પ્રયોગશીલ નૃત્યનાટિકા 'હાજી કાસમ તારી વીજળી'નું મંચન થશે. વિતેલા વખતના સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી ગુણવંતરાય આચાર્યની નવલકથા પર આધારિત આ સંગીતનાટક ગુજરાતના જાણીતા નાટ્યકાર-અભિનેતા શ્રી અભિનય બેક્કરે આ નાટકનું નિર્માણ અને દિગ્દર્શન કર્યું છે. સમગ્ર ગુજરાતમાં અત્યારે આ નાટકની ચોમેર ચર્ચા છે. સુપ્રસિદ્ધ ગાયક કલાકાર આદિત્ય ગઢવીના લાઈવ પરફોર્મન્સથી શોભાયમાન એવું આ નૃત્યનાટક ખાસ કરીને યુવાનોને વિશેષ ગમશે.

ગ્રીષ્મોત્સવના બીજા દિવસે, તા. ૧૦ મી જુને શ્રી માયાભાઈ આહીરનો હાસ્ય દરબાર ભરાશે. હસતા-હસાવતા જીવનનો મર્મ સમજાવતાં માયાભાઈ આહીરની વાતો આબાલ-વૃદ્ધ સૌ કોઈને આકર્ષે છે. સમગ્ર ગુજરાતમાં અત્યંત લોકપ્રિય એવા લોકકલાકાર શ્રી માયાભાઈ આહીરને માણવા એ લ્હાવો છે.

ગ્રીષ્મોત્સવના ત્રીજા દિવસે, તા. ૧૧મી જૂને રવિવારે ગુજરાતના જાણીતા ગાયક કલાકાર શ્રી ભૂમિક શાહ અને તેમનું બેન્ડ ભારતના સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રી એ. આર. રહેમાને સંગીતબદ્ધ કરેલા લોકપ્રિય ગીતોની પ્રસ્તુતિ કરશે. ગુજરાતના જાણીતા ગાયક કલાકારો અને સંગીતકારો એ ભારે જહેમત કરીને આ વિશેષ કાર્યક્રમ તૈયાર કર્યો છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમનો ગ્રીષ્મોત્સવ ગાંધીનગર શહેરની મધ્યમાં 'પથિકાશ્રમ નિલાયા'ની લૉન્સમાં યોજાશે. ગાંધીનગરના પથિકાશ્રમથી પ્રત્યેક નાગરિક પરિચિત છે. આ પથિકાશ્રમને નવા રંગરૂપ સાથે તૈયાર કરવામાં આવ્યું છે. આર્કિટેકના બેનમૂન નમુના જેવું અદ્યતન રીનોવેશન કરીને 'પથિકાશ્રમ નિલાયા' નું નિર્માણ કરાયું છે. અદ્યતન રેસ્ટોરન્ટ્સ અને ભાતીગળ ગુજરાતી ભોજનની સુવિધા સાથેની 'પથિકાશ્રમ નિલાયા' ની લૉનમાં ગ્રીષ્મોત્સવ યોજાશે.

# રાજ્યના વધુ પાંચ ઉચ્ચ સનદી અધિકારીઓની બઢતી સાથે બદલી

## ખાસ કરી ને IAS વિજય નેહરા હવે Dholera- SIR પ્રોજેક્ટની કમાન સંભાળશે, આ સાથે અન્ય અધિકારીઓના કાર્યભારમાં પણ વધારો કરાયો

ગાંધીનગર, તા.૭

ગુજરાત સરકારના એડિશનલ ચીફ સેક્રેટરી કમલ દયાની દ્વારા હાલમાં પરિપત્ર જાહેર કરાયો છે જેમાં રાજ્યના ૫ IASની બદલી સાથે તેમના કાર્યભારમાં વિવિધ રીતે વધારો કરવામાં આવ્યો છે. IAS મનીષા ચંદ્રા કે જેઓ ગુજરાત સરકારના ફાયનાન્સ ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવતા હતા તેઓને હવે રૂરલ ડેવલોપમેન્ટ વિભાગની જ્વાબદારી સોપાઈ છે.

IAS કે.એમ ભીમજીયાનીકે જેઓ ગુજરાત સરકારના એગ્રીકલ્ચર, ફાર્મર વેલ્ફેર & ડિપાર્ટમેન્ટ ફરજ બજાવતા હતા. જેમને IAS મનીષા ચંદ્રાની ફાયનાન્સ ડિપાર્ટમેન્ટની ખાલી પડેલી જગ્યાએ જ્વાબદારી સોપાઈ છે. IAS એ.કે રાકેશ કે જેઓ ગુજરાત સરકારના એગ્રીકલ્ચર, ફાર્મર વેલ્ફેર ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવતા હતા જોકે હવે તેઓને એડિશનલ ચાર્જ એટ્લે કે કાર્યભારમાં વધારો કરવામાં આવ્યો છે. જેમને હાલ એનિમલ હસબન્ડરી , કાઉ બ્રીડિંગ વગેરે ખાતાનો ચાર્જ સોપવામાં આવ્યો છે. IAS સ્વરૂપ પી કે જેઓ ગુજર્તા સરકારના કમિશ્નર ઓફ લેન્ડ રીફોર્મ અંગેન કામગીરી કરતાં હતા જેમને હવે વધારાના કાર્યભાર તરીકે રેવન્યુ ડિપાર્ટમેન્ટનો ચાર્જ સોપાયો છે.

IAS વિજય નેહરા કે જેઓ ગુજરાત સાકરના સાયનસ અને ટેકનૉલોજિ વિભાગમાં ફરજ બજાવતા હતા. જેઓ હવે Dholera- SIR પ્રોજેક્ટની કમાન સંભાળશે. એટલેકે તમામ મહત્વના ખાતાઓમાં બદલી સાથે કાર્યભારમાં વધારો કરવામાં આવ્યો છે.

# સંભવિત વાવાઝોડાની સ્થિતિને પહોંચી વળવા ગાંધીનગરમાં કંટ્રોલરૂમ શરુ

## વાવાઝોડાને લઈ સરકાર દ્વારા તમામ આગોતરા પ્રયાસો શરુ :વાવાઝોડાની સ્થિતીમાં જિલ્લાઓની સાથે ગાંધીનગરથી સીધુ સંકલન કરવાની વ્યવસ્થા કરવામાં આવી

ગાંધીનગર, તા.૭

રાજ્ય પર સંભવિત વાવાઝોડાને લઈ સરકાર દ્વારા તમામ આગોતરા પ્રયાસો શરુ કરવામાં આવ્યા છે. આ માટે ગુજરાત ની રાજ્ય સરકારે ઈમરજન્સીની સ્થિતીમાં સંકલન સાધવા માટે કંટ્રોલ રુપ શરુ કરી દીધો છે. વાવાઝોડાની સંભાવનાને ધ્યાને લઈ જ્યાં અસર સર્જાઈ શકે છે, એવા તમામ વિસ્તારો અને જિલ્લાઓની સાથે ગાંધીનગરથી સીધુ સંકલન સાધી શકાય એ માટે આયોજન કર્યુ છે.

વાવાઝોડાની સ્થિતી દરમિયાન રાહત અને મદદની ટીમો ઝડપથી સ્થળ પર પહોંચાડવાનુ આયોજન પણ કરી શકાય અને નુક્શાન તેમજ અન્ય વિકટ પરિસ્થિતીઓમાં મુશ્કેલી ઘટાડવાનો પ્રયાસ કેવી રીતે કરી શકાય એ તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે.

રાજ્ય સરકાર તમામ રીતે સજ્જ છે અને આ માટે તમામ સૂચનાઓ અધિકારીઓ અને વિભાગોને આપી દેવામાં આવી છે. કોઈપણ સ્થિતીને પહોંચી વળાય એ માટે તમામ સજ્જતા કરી લેવામાં આવી છે. ભૂતકાળની સ્થિતીના અનુભવ આધારે મોટા નુક્શાનને ટાળવા માટેના પ્રયાસો કરીને આગોતરા આયોજન કરવામાં આવ્યા છે.

# રાજ્યના ૩૫ હજારથી વધુ પુલોની સર્વેક્ષણ કામગીરી હાથ ધરાઈ

## સરકાર એક્શનમાં : ભયજનક ૧૨ પુલો પર ટ્રાફિક બંધ કરાયો, પુનઃબાધંકામ કરાશે, ચકાસણીમાં જોખમી જણાયેલ પૈકી ૧૨૧ની મરામત કામગીરી પૂર્ણ

ગાંધીનગર, તા.૭

મોરબી પુલ હોનારત બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૂચના અનુસાર રાજ્યના ૩૫, ૭૩૧ પુલોની સમીક્ષા કામગીરી હાથ ધરવામાં આવી છે. સર્વેમાં મરમતની જરૂર હોય તેવા ૧૨૧ પુલોની મરામતની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. મંત્રીએ વધુ વિગતો આપતા કહ્યું કે, સરવેમાં જે ૧૨ પુલો ભયજનક જણાયા હતા, ત્યાં ટ્રાફિકની અવરજવર બંધ કરી ટ્રાફિકને ડાયવર્ઝન અપાયું છે. જ્યારે અન્ય ૧૨ પુલોનું તાત્કાલિક રિપેરીંગ કરી ટ્રાફિક ચાલુ રખાયો છે. આ તમામ ૨૪ પુલોના પુનઃબાંધકામ માટે રૂ. ૧૪૫.૬૪ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. તેમજ ૧૧૬ પુલોનું રૂ. ૧૫૧.૪૧ કરોડનો ખર્ચ મંજૂર કરી મજબૂતીકરણ કરવા માટે મરામત કામગીરી હાથ ધરવામાં આવી છે.

# મહાનગરોમાં પ્રિ-મોન્સુન એક્શન પ્લાનની સજ્જતા અંગે મોકડ્રીલ યોજાઈ

## મુખ્યમંત્રીએ રાજ્યની ૮ મ્યુનિસિપલ કમિશનર સાથે વિડીયો કોન્ફરન્સ યોજીને આગોતરા આયોજનની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી હતી

ગાંધીનગર, તા.૭

મહાનગરોમાં પ્રિ-મોન્સુન એક્શન પ્લાનની સજ્જતા અંગે મોકડ્રીલ યોજવામાં આવી છે. યોજવામાં આવી છે. જેમાં મેન હોલ તથા વરસાદી પાણીના યોગ્ય નિકાલ વ્યવસ્થા અને ૨૪૮૭ સેન્ટ્રલ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં



જેમાં મેન હોલ તથા વરસાદી પાણીના યોગ્ય નિકાલ વ્યવસ્થા અને ૨૪૮૭ સેન્ટ્રલ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યા છે. બદલાતી વરસાદી પેટર્ન ધ્યાને રાખીને એક્શન પ્લાનમાં અંગે જરૂરી વ્યવસ્થા ઊભી કરાઇ છે. મહાનગરોમાં પ્રિ-મોન્સુન એક્શન પ્લાનની સજ્જતા અંગે મોકડ્રીલ આવ્યા છે. બદલાતી વરસાદી પેટર્ન ધ્યાને રાખીને એક્શન પ્લાનમાં અંગે જરૂરી વ્યવસ્થા ઊભી કરાઈ છે.

આ વર્ષે બનેલા રસ્તાઓમાં ચોમાસામાં ક્ષતિ થશે તો સંબંધિતો સામે પગલાં લેવામાં ખચકાટ નહિં રખાય તેવું સૂચન તમામ પાલિકાઓને કરવામાં આવ્યું છે. નાગરિકો-લોકોની નાની-નાની રજૂઆતોનો ત્વરિત પ્રતિસાદ મળે- અધિકારીઓ ફોન પર ઉપલબ્ધ રહે તે અંગે ભુપેન્દ્ર પટેલે સૂચના આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની ૮ મહાનગર પાલિકાઓના મ્યુનિસિપલ કમિશનર સાથે વિડીયો કોન્ફરન્સ યોજીને આગામી ચોમાસા પૂર્વે મહાનગરોમાં હાથ ધરાયેલા આગોતરા આયોજનની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી હતી.

અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, જૂનાગઢ અને ગાંધીનગર મહાનગર પાલિકાઓએ સિટી ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન-૨૦૨૩ અન્વયે જે પ્રિ-મોન્સુન એક્શન પ્લાન તૈયાર કર્યા છે તે અંગે આ બેઠકમાં વિસ્તૃત ચર્ચા પરામર્શ કરીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
Roff
Birla White
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

LED TV રીપેરીંગ
ગાંધીનગર માટે આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com